## વડીલોને વંદન અભિનંદન



મંગળાબેન જયદેવભાઈ ભટ્ટ
(૧૯૨૨)ફોન:૨૩૨૪૧૦૨૧

# પ્રાંતિજમાં આધારકાર્ડની કામગીરી પુનઃ શરૂ કરવા લોક માંગણી

## આધારકાર્ડ જરૂરી પુરાવા તરીકે માંગ વધતા આધારકાર્ડ વિહોણા લોકો અટવાયા

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં હજુ પણ અસંખ્ય નાગરિકો આધારકાર્ડથી વંચિત છે ત્યારે હાલ ગેસ સિલિન્ડરની સબસીડી માટે તેની જરૂરિયાત ઉભી થતા આધારકાર્ડથી વિહોણા રહીશો ભારે ફાંફે ચઢ્યા છે. પાલિકાતંત્ર પુનઃ રસ દાખવી પ્રાંતિજ વિસ્તારમાં આધારકાર્ડ માટે વિશેષ કેમ્પ કરે તેવી લોક માંગણી ઉભી થઈ છે.

પ્રાંતિજ શહેર સહિત સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં ૧લી જાન્યુઆરીથી ગેસ સિલિન્ડરની સબસીડી સીધી ગ્રાહકના ખાતામાં જમા કરવાની યોજનાની જાહેરાત કરાઈ છે. જે માટેના ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે સબસીડી માટે ફોર્મમાં આધાર કાર્ડ હોય તેવા અને ન હોય તેવા બે વિકલ્પો અપાય છે. જો કે હાલ પ્રાંતિજ નગરના અસંખ્ય નાગરિકો રહિશો આધાર કાર્ડ વિહોણા છે અને ગેસ સબસિડી માટે આધારકાર્ડ જરૂરી બન્યુ છે. આથી પ્રાંતિજ ખાતે આધારકાર્ડ તૈયાર કરવાની કામગીરી પુનઃ શરૂ કરવામાં આવે તેવી લોક લાગણી જન્મી છે.

નાગરિકોની માંગણીને ધ્યાને લઈ પ્રાંતિજ પાલિકા પ્રમુખ તેમજ ચીફ ઓફિસરે આધાર કાર્ડ બનાવતી ખાનગી એજન્સીને વારંવાર રજૂઆત કરી તેના માટેની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવા કહ્યું છે. પરંતુ હજુ સુધી આ ખાનગી એજન્સીએ પ્રાંતિજમાં કેમ્પ માટે કોઈ તારીખ આપી નથી ત્યારે જિલ્લા કલેક્ટર આ પ્રશ્નમાં રસ દાખવી પ્રાંતિજ નગરમાં સત્વરે આધારકાર્ડ માટેનો કેમ્પ શરૂ કરાવે તેવુ પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

# નલિયા ઠંડુગાર : લઘુતમ તાપમાન ઘટી ૭.૪ ડિગ્રી

## ડિસેમ્બર મહિનામાં અપેક્ષા કરતા ઓછી ઠંડીથી લોકોમાં ભારે ચર્ચા : અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૬.૨ ડિગ્રી

અમદાવાદ,તા. ૧૧

ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં ઉતાર ચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. અમદાવાદમાં આજે તાપમાનમાં એકાએક ઉલ્લેખનીય વધારો થયો હતો અને તાપમાન વધીને ૧૬.૨ ડિગ્રી થઈ ગયું હતું. ગઈકાલે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી રહ્યું હતું જેની સામે આજે એકાએક ૩ ડિગ્રીથી પણ વધુ તાપમાન વધી ગયું હતું. જોકે નલિયામાં તાપમાન ગગડીને ૭.૪ ડિગ્રી થઈ ગયું હતું. જે ગઈકાલે ૧૦ ડિગ્રી હતું. આજે ભૂજમાં પણ લઘુત્તમ તાપમાન ૧૦.૧ ડિગ્રી નોંધાયું હતું. ભૂજમાં ગઈકાલે ૧૨.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. પાટનગર ગાંધીનગરમાં તાપમાનમાં વધારો થયો છે. ગઈકાલના ૧૩.૫ ડિગ્રીની સામે આજે લઘુત્તમ તાપમાન ૧૫.૪ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, અમદાવાદમાં લઘુત્તમ તાપમાન આવતીકાલે ૧૬ ડિગ્રીની આસપાસ રહી શકે છે. બીજીબાજુ ડિસામાં પણ આજે તાપમાન ૧૨.૫ ડિગ્રી રહ્યું હતું. ડિસેમ્બર મહિનામાં ૧૦ દિવસ થઈ ગયા હોવા છતાં તીવ્ર ઠંડીનો અનુભવ હજી પણ થઈ રહ્યો નથી જેથી લોકોમાં આને લઈ ચર્ચા છે. માત્ર ગુજરાતમાં જ નહીં બલ્કે દેશના અન્ય ભાગોમાં પણ ગયા વર્ષની સરખામણીમાં ડિસેમ્બર મહિનામાં ઓછી ઠંડી નોંધાઈ છે. ગરમવસ્ત્ર બજાર ચોક્કસપણે સજેલા છે પરંતુ ગરમ વસ્ત્રો જેટલી ઠંડી પડી રહી નથી. આજે અમદાવાદમાં લોકોએ બપોરના ગાળામાં ગરમીનો અનુભવ કર્યો હતો. ડિસેમ્બર મહિનામાં પણ પંખા અને એસી ચલાવવાની લોકોને ફરજ પડી રહી છે.

## સિધ્ધાર્થ લૉ કોલેજમાં માનવ અધિકાર દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિધ્ધાર્થ લો કોલેજ તા. ૧૦મી ફેબ્રુઆરીએ 'માનવતા અધિકાર દિવસ' અંતર્ગત સંસ્થામાં વિદ્યાર્થીઓને માનવ અધિકારો અંગેની માહિતી આપવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ. દિલીપ મેવાડાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓને માનવ અધિકારો અંગે વિસ્તૃત સમજ આપી હતી.

## સરદાર નિર્વાણ દિને ભાનુપ્રસાદ પુરાણીનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૧૧

સિનિયર સિટિઝન કાઉન્સીલની મહિલા પાંખ દ્વારા ગાંધીનગરની સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળામાં સરદાર પટેલના નિર્વાણ દિને આયોજિત કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર અને સિનિયર સિટિઝન કાઉન્સીલના પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરાણીએ 'અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલ' વિષય ઉપર મનનીય વ્યાખ્યાન આપ્યું. જેમાં સિનિયર સિટિઝન કાઉન્સીલના કારોબારી સભ્યો તથા મહિલા પાંખની બહેનો ઉપસ્થિત રહી હતી. શાળાના બાળકોને આ પ્રસંગે 'બાળકોના સરદાર' પુસ્તિકા વહેંચવામાં આવી હતી.

## ઊંઝામાં રહેણાંક મકાન આગળથી બાઈકની ઉઠાંતરી

ઊંઝા, તા. ૧૧

ઊંઝા ખાતે પાટણ રોડ પર આવેલ એક સોસાયટીના મકાન આગળથી રાતના સમયે કોઈ તસ્કરો રૂપિયા ૩૫ હજારની કિંમતની મત્તાના બાઈકની ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે.

# મોડાસાના સરડોઈ ગામમાં અબ ઘડી ઉકેલ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ ગામમાં આજુબાજુના ૭ ગ્રામ પંચાયતો અને પંચાયતોની અંદર સમાવેશ ગામડાના લોકોના પ્રશ્નોનું નિરાકરણ ઝડપી ત્વરીત થાય તે માટે સરડોઈ ગામમાં અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ પદ અધિકારીઓએ રૂબરૂ જઈ પ્રજા સાથે પરિસંવાદ યોજી ૫૯ પ્રશ્નોનું સ્થળ પર જ નિવારણ લાવવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ ગામમાં 'અબ ઘડી ઉકેલ' કાર્યક્રમમાં સરડોઈ ગામની આજુબાજુના સાત ગામો જેવા કે મેઢાસણ, દાવલી, શામપુર, ગઢડા, ટીંટીસર, રામપુર ગામના સરપંચશ્રીઓ તથા તલાટીઓ તેમજ મોટી સંખ્યામાં વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે પ્રજાજનો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટ, મામલતદાર વિશાલ સકસેના, તાલુકા વિકાસ અધિકારી ચંદ્રિકાબેન ભાભોર, મોડાસા તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન વણકર તથા સરડોઈ ગ્રામ પંચાયતના સરપંચ જયદત્તસીંહ પુવાર હાજર રહ્યા હતા. અબ ઘડી ઉકેલમાં મુખ્યત્વે પ્રશ્નોમાં ગામડાઓમાં લોકોએ કરેલા ગેરકાયદેસર દબાણો, એસ.ટી.ની અનિયમિતતા, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા, માર્ગ અને મકાન વિભાગની લગતી ફરીયાદો, વિધવા પેન્શન, રેશનીંગ મેળવવાના બાયોમેટ્રીકના કારણે પડતી તકલીફો અને દેશી અને વિલાયતી શરાબના અડ્ડાઓ જેવા વિવિધ પ્રશ્નોનું નિવારણ લાવવા માટે રજુઆત કરી હતી. જેમાં મુખ્યત્વે મેઢાસણ ગામમાં શાળાની નજીક બેફામ વેચાણ થતા દેશી દારૂ બંધ કરાવવામાં આવે તેમજ ગામડાઓમાં ખેતીની સીઝનમાં વારંવાર સર્જાતી યુરીયા ખાતરની તંગી અને ગંદકીના પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા.



જુહાપુરામાં ગેરકાયદે બાંધકામોને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી

## પાલનપુરમાં જાહેર રોડો પર ગાયોના અડીંગાથી લોકો ત્રાહીમામ

પાલનપુર, તા.૧૧

પાલનપુર હાઈવે મુખ્ય રોડ પર આજે મોડી સાંજે ગાયોના ટોળા બાખડતા અત્રેથી પસાર થતા બે બાઈકચાલકો અને ત્રણ રાહદારીઓ ઘાયલ થતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મોડી સાંજે પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા.

પાલનપુર શહેરના જાહેર માર્ગો પર ઠેર ઠેર ગાયોના અડીંગાથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. વારંવાર ગાયોને લઈ અકસ્માતો સર્જાય છે. છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી હાથ ધરાતી નથી.થોડાક સમય પહેલાં જ ગાયની અડફેટે એક મુસ્લિમ બાઈકચાલકનું બ્રીજ પર મોત થયાનો બનાવ હજુ તાજો જ છે ત્યારે આજે મોડી સાંજે ગાયોના ટોળા બાખડતા હાઈવે પર અફરાતફરી નો માહોલ સર્જાયો હતો જેમાં બે બાઈક સવાર સહીત ત્રણ રાહદારીઓ મળી પાંચ જણાં ઘાયલ થયા હતા. જેમને તાકીદે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવીલમાં ખસેડાયા હતા.

# એચ ટાટની હોલટિકિટમાં ગંભીર છબરડા સપાટીએ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં આચાર્યોની ભરતી માટે એચ-ટાટની પરીક્ષા આગામી ૨૦ ડિસેમ્બરના રોજ લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટેની હોલ ટિકિટ શિક્ષણ બોર્ડ દ્વારા વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી છે પરંતુ શિક્ષણ બોર્ડનો તમામ કાર્યની જેમ એચ-ટાટની ઓનલાઈન હોલ ટિકિટમાં પણ છબરડાઓ થયા હોવાની ઘટનાઓ સામે આવવા લાગી છે જેમાં સુરતના પાલનપુર પાટિયા શાંતિનિકેતન વિદ્યાવિહારમાં બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવેલ ઉમેદવારની હોલ ટિકિટમાં ભુલથી સરનામુ શાંતિનિકેતન વિદ્યાવિહાર,જંખવાવ, માંગરોળનું લખી દેવામાં આવ્યું છે.

આ અંગે ઉમેદવાર દ્વારા શિક્ષણાધિકારીને જાણ કરાઈ હતી જે અંગે જિલ્લા શિક્ષણાધિકારીએ તપાસ કરતા હોલ ટિકિટમાં શાળાનું સરનામુ ખોટુ લખાયું હોવાનું સામે આવ્યું હતું. આટલો ગંભીર છબરડો સામે આવ્યા બાદ પરીક્ષાના આયોજકો દ્વારા ભુલ સુધારી ઉમેદવારની નવી હોલ ટિકિટ વેબસાઈટ પર અપલોડ કરી દેવામાં આવી છે. તેમજ જે કોઈ ઉમેદવારોની હોલ ટિકિટમાં ભુલ હોય તેમણે ફરીથી વેબસાઈટ ઉપરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી લેવા માટે જણાવવામાં આવ્યું છે. જો કે, રાજ્યમાં મોટાભાગની જગ્યાએ ઉમેદવારોની હોલ ટિકિટમાં સરનામુ, નામ, અટક વગેરેમાં ગંભીર પ્રકારની ભુલો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. એચ-ટાટની પરીક્ષાને આડે હવે માંડ એક સપ્તાહ જેટલો સમય બચ્યો છે ત્યારે હોલ ટિકિટમાં સામે આવી રહેલા ગંભીર છબરડાઓને કારણે ઉમેદવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ઘણીવાર આવા છબરડાઓ અંગે છેલ્લી ઘડીએ ઉમેદવારને જાણ થતાં પરીક્ષા આપવાથી વંચિત રહેવું પડે તેવી સ્થિતિ સર્જાતી હોય છે.

# મહેસાણા જિલ્લાકક્ષાની ચિંતન શિબિર કેશવ શંકુઝ વોટર પાર્ક ખાતે યોજાઈ

મહેસાણા, તા. ૧૧

મહેસાણા જિલ્લાકક્ષાની બે દિવસીય ચિંતન શિબિર વોટર પાર્ક ખાતે યોજવામાં આવી હતી. જેમાં જિલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસીય ચિંતન શિબિરના પ્રારંભે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જે.એલ. પટેલ અને સમાપન પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ પ્રભારી સચિવશ્રી આર.આર. વરસાણી ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લાકક્ષાની ચિંતન શિબિરમાં ઉપસ્થિત અધિકારીશ્રીઓને સંબોધતાં શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની જીદ અને સ્વપ્ન થકી આજે જ્યોતિગ્રામ યોજના સહિત વિવિધ યોજનાઓથી રાજ્યને સફળતા અપાવી શક્યા છીએ. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ચિંતન શિબિર થકી વ્યક્તિગત સામુહિક જીવનમાં આપણે બદલાવ લાવી શકીએ છીએ. સામુહિક રીતે બદલાવ માટે મન બનાવવાની જરૂરીયાત છે તેમ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આપણી માનસિકતા બદલી હકારાત્મક વલણ અપનાવવુ જોઈએ. સમગ્ર જિલ્લો મારો છે અને તેના વિકાસમાં મારૂ કેટલુ યોગદાન છે તે સમજી એ દિશામાં શરૂઆત કરવી જોઈએ. આપણે વાણી, વ્યવહાર, વર્તન અને વહીવટ થકી સકારાત્મક દિશામાં આગળ વધીશું તો આપણને સુપર અને ટોપર થતાં કોઈ રોકી શકશે નહીં.

મંત્રીશ્રીઓ વધુમાં જણાવ્યું હતું કે ચિંતન શિબિરનો મુખ્ય હેતુ જિલ્લાનો સર્વાંગી વિકાસનો છે. આપણે સૌએ આપણી જવાબદારીમાં કચાશ રાખવી જોઈએ નહી. આપણે શ્રેષ્ઠ વહીવટ થકી શ્રેષ્ઠત્તમ પ્રાપ્ત કરવાનું છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી દુરંદેશી છે તેમણે સ્વાગતમાં ફુલ નહીં પરંતુ ફળ થકી કુપોષણને દૂર કરવા અભિયાન ઉપાડ્યું છે. આ ઉપરાંત ગતિશીલ ગજુરાત થકી રાજ્યના વિકાસની ગતિ તેજ વધી છે.

આ પ્રસંગે જિલ્લાના પ્રભારી સચિવશ્રી આર.આર. વરસાણીએ જણાવ્યું હતું કે આપણા કામમાં ચોકસાઈ હોવી જરૂરી છે. આપણે આપણા કામમાં મન નહીં લગાવીએ ત્યાં સુધી કામમાં ચોકસાઈ આવશે નહીં. આપણે એકલા નહી પરંતુ ટીમ વર્કશી કામ કરવું જોઈએ.

## બિનસચિવાલય કારકુન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. આ માટે અલાયદો કંટ્રોલ રૂમ પણ ઉભો કરવામાં આવશે. ડૉ. મોડિયાએ જણાવ્યું હતું કે પરીક્ષા કેન્દ્રની અંદર પરીક્ષાર્થી મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિકસ ઉપકરણો લઈ જઈ શકશે નહિ. તકેદારી અધિકારીઓની નિયુકતી કરી દેવાઈ છે અને તેમને પ્રાથમિક તાલીમ પણ આપી દેવામાં આવી છે. પરીક્ષા માટે નિયત કરાયેલા ૧૫ રૂટ પર ૧૫ રૂટ સુપરવાઈઝરો રહેશે. ઉપરાંત વર્ગ-૧ના અધિકારીઓની સ્કવોર્ડ પણ રચવામાં આવી છે.

# ગાંધીનગરમાં હરિસિદ્ધ આંગણે નૂતન ગાદીની સ્થાપના અને શતચંડી મહાયાગનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરની હરસિદ્ધ સિદ્ધિ પીઠ દ્વારા હરસિદ્ધને આંગણે માતાજીની નૂતન ગાદીની સ્થાપના અને પાટનગરના નગરદેવી તરીકે સ્થાપના પ્રસંગે ત્રિ-દિવસીય પંચકુંડી શતચંડી મહાયાગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાયાગ તા. ૨૭મીથી ૨૯મી ડિસેમ્બર દરમ્યાન યોજાશે. જેમાં હરસિદ્ધિ માતાજી સાથે અન્નપૂર્ણા, મહાકાલી તેમજ મહાલક્ષ્મી માતાજીની પણ પ્રતિષ્ઠા કરાશે. આ કાર્યક્રમમાં લાડોલ હરસિદ્ધ શક્તિપીઠના મહંત અશ્વિનભાઈ જાની ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં પ્રથમ દિવસે શનિવારે અરાણી મંથન દ્વારા અગ્નિ સ્થાપન કરાશે. તેમજ ગ્રહમખ અને સાયનપૂજા-આરતી કરાશે. રવિવારે દ્વિતિય દિવસે સવારે ૮ વાગે નગરયાત્રા અને જળયાત્રા યોજાશે તેમજ ૧૦૮ કુંભ દ્વારા માતાજીનો મહાઅભિષેક કરાશે. સોમવારે તૃતીય અને આખરી દિવસે પ્રતિષ્ઠા પૂજન, ધ્વજારોહણ, અન્નકૂટ દર્શન વિશેષ હોમ તેમજ ઉત્તર પૂજા કરાશે. સાંજે ૪ વાગે પૂર્ણાહૂતિ બાદ ૧૦૮ દિવાની મહાઆરતી કરાશે.

## પીએમઓ બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બિઝનેસ એજન્ડાને હાથ ધરશે. સુત્રોના જણાવ્યા મુજબ, કેન્દ્ર દ્વારા ગાંધીનગરમાં કામચલાઉ પીએમઓના માળખાને લઈને હાલમાં જ સુચના અપાઈ હતી. આ જગ્યા ખાતે વડાપ્રધાન અને અન્ય હસ્તીઓ એકબીજાને મળી શકશે. જેથી તમામ વ્યવસ્થા ગોઠવવા માટે કહેવાયું છે. આ સંકુલ છ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવનાર છે. જેમાં બે ડ્રોઈંગ રૂમ, બે કોન્ફરન્સ હોલ અને પાંચ બેડરૂમ હશે. સમગ્ર માળખું એરકન્ડીશનવાળું રહેશે અને તેમાં અતિઆધુનિક દૂરસંચારના સાધનો રહેશે. પીએમઓના અધિકારીઓ અને સ્ટાફ માટે પણ તેમાં ચેમ્બર્સ રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગ લેવા માટે પહોંચી રહ્યા છે. જેને લઈ તમામ તૈયારીઓ ચાલી રહી છે. ગુજરાતમાં દર વર્ષે પરંપરાગત રીતે વાયબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવે છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હતા ત્યારે તેઓએ વાયબ્રન્ટની શરૂઆત કરી હતી અને વાયબ્રન્ટ ગુજરાત સમિટને વિશ્વભરમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે. હવે મોદી વડાપ્રધાન બન્યા છે ત્યારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ આને સફળ બનાવવા મક્કમ છે.

## ગાંધીનગર સ્વચ્છ બનાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટ્રક ઘરે ઘરે ફરીને કચરો એકત્રિત કરે છે. જ્યારે આગામી દિવસોમાં સુકા-ભીના કચરાની સાથે પ્લાસ્ટીકનો નિકાલ કરવાની યોજના પણ હાથ ધરાશે. રીસાઈકલીંગ તેમજ સર્કલો પર ડસ્ટબીન મુકાશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ પણ સાહિત્યિક, સાંસ્કૃતિક અને સંસ્કારી નગરીની સાથે નગર સ્વચ્છ અને સ્વસ્થ શહેરની ઓળખ પ્રસ્થાપિત કરે તે દીશામાં ફોરમ પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું. જાગૃત અને સભ્યતાના માધ્યમથી પ્રત્યેક નાગરિક નગરને સ્વચ્છ બનાવવા પોતાનું યોગદાન આપે તેમ પણ તેમણે જણાવ્યું હતું. વહીવટીતંત્ર અને સમાજ સાથે મળીને પાટનગર રાજ્યના શ્રેષ્ઠ શહેર તરીકે ઉભરી આવે તેવા પ્રયાસો હાથ ધરવા પણ તેમણે જણાવ્યું હતું. નગરને સ્વચ્છ બનાવવાની આ મહત્વની બેઠકમાં મેયર મહેન્દ્રસિંહ રાણા, જિલ્લા કલેક્ટર રવિશંકર, ડી.ડી.ઓ. વિક્ટર મેકવાન, ડી.એસ.પી. શરદ સિંઘલ, મ્યુનિ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન આશિષ દવે ઉપરાંત શહેરની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

## એમઓયુની દરખાસ્તો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણ સહીતના વિવિધ ક્ષેત્રોમાં ઔદ્યોગિક મૂડીરોકાણ કરવા ઈચ્છુક ઉદ્યોગકારો દ્વારા સંબધીત વિભાગોને એમ.ઓ.યુ. કરવા માટે દરખાસ્તો કરવામાં આવેલી છે.


આથી જે વિભાગો પોતાના ક્ષેત્રમાં ઉદ્યોગકારો સાથે એમ.ઓ.યુ. સાઈન કરવા ઈચ્છતા હોય તો વિભાગોએ કયા ઉદ્યોગ સાથે કયા ક્ષેત્રમાં કેટલા મૂડીરોકાણવાળા પ્રોજેક્ટ માટે એમ.ઓ.યુ. સાઈન કરવા ઈચ્છે છે તે અંગેની વિગતો સાથેની યાદીવાળી દરખાસ્તો ઉદ્યોગ અને ખાણ મંત્રાલયને આગામી સાત દિવસમાં મોકલી આપવા માટેની સૂચનાઓ તમામ મંત્રાલયોને આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ત્રણ દિવસ ચાલનારી આ સમિટ દરમ્યાન એમ.ઓ.યુ. ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં તજજ્ઞો અને ઉદ્યોગકારો સાથે નોલેજ શેરીંગના સેમીનાર પણ યોજવામાં આવનાર છે.

આ સમિટ દરમ્યાન વડાપ્રધાન સાથે વિશ્વની નામાંકિત કંપનીઓના સી.ઈ.ઓ. સાથે એક મહત્વની કોન્કલેવ પણ યોજાનાર છે.

આ વખતે પહેલીવાર સમિટમાં હાજરી આપવા માટે યુએનના સેક્રેટરી જનરલે સંમતિ આપીને તેઓ ગુજરાતના બે દિવસના પ્રવાસે આવનાર છે.

## શબ્દાવલી - ૫૫૮૭





### આડી ચાવી

૧. મુશળધાર (૫)
૪. ઘોડા પર બેસી રમાતી એક રમત (૨)
૬. ખુણો, ગલીનું છેવાડાનું (૩)
૭. આઇશ, થીજેલું પાણી (૩)
૮. ભરપુર, બરોબર જામેલું (૨)
૯. એક ધાન્ય (૩)
૧૧. પોતાના વખાણ (૫)
૧૩. માટી ખોદી કાઢવાનું એક ઓજાર (૩)
૧૪. જરૂર, ચોક્કસ (૩)
૧૫. સરખામણી (૪)
૧૮. બીક, ડર, ફડકો (૩)
૧૯. નાની તાસક (૨)
૨૦. કહાની, નવલીકા (૩)
૨૧. ઉપજ, નીપજવું (૩)

### ઊભી ચાવી

૧. પ્રત્યક્ષ અનુભવવું તે (૪)
૨. પોલુ ના હોય તેવું (૩)
૩. બુમ (૨)
૪. ગઇ સાલે અથવા આવતી સાલે (૨)
૫. બદમાશ, લબાડ (૩)
૭. વડોદરાને... પણ કહે છે(૩)
૯. બિચારો (૩)
૧૦. બિયર... ના પાણીનું બને(૨)
૧૧. જરૂરિયાત (૫)
૧૨. ખિતાબ, ઇનામ (૩)
૧૩. મોઢા ઉપર લગાવાતો સફેદ ભૂકો (૪)
૧૪. ખોટી વાતો ફેલાવવી તે(૩)
૧૫. મોટીને હિન્દીમાં... કહેવાય (૨)
૧૬. લાઇટીંગ કરવું તે (૩)
૧૭. પ્રેક્ટીસ (ગાવાની) (૩)

### શબ્દાવલી ૫૫૮૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) વધરાવળ (૪) અવાચ્ય (૬) ગાડરિયો પ્રવાહ (૯) ડફ (૧૦) ચકડોળ (૧૧) બેલી (૧૩) નતમસ્તક (૧૭) રાજીનામુ (૨૦) જાવક (૨૧) સનાતન (૨૨) નડો

**ઊભી ચાવી :-** (૨) વળગાડ (૨) વલયો (૩) વાચ્ય (૪) અવાક (૫) વાહડો (૭) ડફણું (૮) પ્રચલીત (૧૧) બેનમુન (૧૨) ગરાસ (૧૪) મજા (૧૫) સ્તવન (૧૬) કકડો (૧૮) જીના (૧૯) નાત

## કંપની સમાચાર

### ન્યૂ ઓડી એ૩ કેબ્રિયોલેટની ભારતમાં રજૂઆત

જર્મન લકઝરી કાર ઉત્પાદક કંપનીએ ભારતીય બજારમાં પ્રથમ કોમ્પેક્ટ લકઝરી કન્વર્ટીબલ, સ્પોર્ટી, વર્સેટાઈલ અને એલીગન્ટ ઓડી એ૩ કેબ્રિયોલેટની રજૂઆત કરી છે. કોમ્પેક્ટ ઓપન ટોપ ધરાવતી ઓડી એ૩ કેબ્રિયોલેટ એલીગન્ટ ડિઝાઈન, શક્તિશાળી અને અસરકારક એન્જિન, લાઈટવેઈટ કન્સ્ટ્રક્શન અને આ કક્ષામાં શ્રેષ્ઠ આકર્ષણો ધરાવે છે. ઓડી એ૩ કેબ્રિયોલેટની કિંમત રૂ. ૪૪,૭૫,૦૦૦ (એક્સ શોરૂમ-દિલ્હી) છે. ઓડી ઈન્ડિયાના અધ્યક્ષ શ્રી જોકિંગના જણાવ્યા અનુસાર, 'ઓડી એ૩ કેબ્રિયોલેટની ભારતીય બજારમાં રજૂઆત તે અમારા ગ્રાહક કેન્દ્રી અભિગમને વ્યક્ત કરે છે. ઓડી એ૩ કેબ્રિયોલેટ તે સાચા અર્થનું લાઈફસ્ટાઈલ સ્ટેટમેન્ટ છે. રોજબરોજની વ્યવહારિકતા સાથેની સ્પોર્ટી અને ડાયનેમિક એવી ઓડી એ૩ કેબ્રિયોલેટ ઓપન ટોપ ફોર સીટર છે. તેનું શક્તિશાળી એન્જિન આનંદદાયક ડ્રાઈવીંગ અનુભવની ખાતરી આપે છે. તેમણે વધુમાં જણાવ્યું કે 'ઓડી એ૩ કેબ્રિયોલેટને સર્વપ્રથમ ઓટો એકસ્પો ૨૦૧૪માં રજૂ કરવામાં આવી હતી. આ કારને ચાહકો અને ગ્રાહકો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો. ઓડી એ૩ કેબ્રિયોલેટમાં ઓડીની મૂળભૂત ફિલસુફી 'લકઝરી વિધાઉટ કોમ્પ્રોમાઈઝ' આબાદ રીતે વ્યક્ત થયેલી જોવા મળે છે.'

### એક્સિસ બેન્ક રજૂ કરે છે ૧૦.૪૦ ટકાના વ્યાજદરની ૨૦ વર્ષની નિશ્ચિત દરની હોમ લોન

ભારતમાં ખાનગી ક્ષેત્રની ત્રીજા નંબરની સૌથી મોટી એવી એક્સિસ બેન્કે ગ્રાહકોને પોષાય તેવા ભાવની જીવનભરની નિશ્ચિત દરની હોમલોનની ઓફર કરી છે. એક્સિસ બેન્કે મુકેલી નવી પ્રોડેક્ટમાં ખરીદદારો ૨૦ વર્ષની મુદત સુધી ૧૦.૪૦ ટકાના નિશ્ચિત વ્યાજદરની હોમલોનનો લાભ લઈ શકશે. આ ઓફર મર્યાદિત સમયગાળા સુધીની છે અને રૂ. ૫૦ લાખની લોનની રકમ સુધી તે ઉપલબ્ધ છે.

એક્સિસ બેન્ક માટે હોમલોન ખાસ નિર્ધારિત કરેલો વ્યાપાર છે. બેન્કની સમગ્ર બેલેન્સશીટમાં રિટેલ બેન્કિંગ વ્યાપારનો હિસ્સો ૫૩ ટકાનો છે. તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪નાં રોજ એક્સિસ બેન્કની લોન બુક સાઈઝ રૂ. ૯૦,૨૭૭ કરોડની નોંધાઈ હતી. તેમાં હોમ લોનનો હિસ્સો અંદાજે રૂ. ૪૮,૦૦૦ કરોડ જેટલો છે.

એક્સિસ બેન્ક તેની આ પ્રોજેક્ટ અન્વયે નોકરિયાતો અને સ્વરોજગારીત વ્યક્તિઓને લોન આપશે. તેમાં નોકરિયાતોને ૧૦.૪૦ ટકાના વેનિલા હોમ લોન ઓફરીંગ્સ પ્રમાણે અને સ્વરોજગારિત વ્યક્તિઓને ૧૦.૬૫ ટકાથી શરૂ થતાં દર પ્રમાણે હોમ લોન મળશે.

### એલજીએ આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૧૫ - બાય એન્ડ ફ્લાય ઓફરના વિજેતા જાહેર કર્યા

ભારતની અગ્રણી કન્ઝ્યુમર ડ્યુરેબલ બ્રાન્ડ એલજી ઈલેક્ટ્રોનિક્સે ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડમાં આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૧૫નો સૌથી ભવ્ય ક્રિકેટ જલસો જોવા માટે એલજી દ્વારા યોજાયેલી સાપ્તાહિક લકી ડ્રો સ્પર્ધાના વિજેતા તરીકે... શહેરના.... નું નામ જાહેર કર્યું હતું. એલજીએ દેશના ક્રિકેટના ચાહકો માટે રૂ. ૮૦૦૦ અને વધુની કોઈ પણ એલજી પ્રોજેક્ટ ખરીદી કરીને સ્પર્ધામાં ભાગ લઈ ઓસ્ટ્રેલિયા-ન્યૂઝિલેન્ડમાં આીસીસી ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૧૪ લાઈવ જોવાની અવિસ્મરણીય તક રજૂ કરે છે.

આ ઓફરની રજૂઆત વિશે બોલતાં એલજી ઈન્ડિયાના કોર્પોરેટ માર્કેટિંગના હેડ શ્રી સંજય ચિત્કારાએ જણાવ્યું હતું કે લકી ડ્રો ના વિજેતાઓની જાહેરાત શરૂ કરવામાં અમને બેહદ ખુશી અને રોમાંચ છે. આઈસીસી સાથે અમારા લાંબા સ્થાયી સંબંધ છે અને વર્ષોના વહાણાં વીતવા સાથે એલજી હંમેશા આકર્ષક ઓફરો રજૂ કરીને તેના ચાહકોની નજીક આ રમતને લાવતી રહી છે. ૨૦૧૫માં અમે આઈસીસી સાથે સહયોગના ૧૫ વર્ષ પૂરાં કર્યાં છે અને બાય એન્ડ ફ્લાય ઓફર અમારા ક્રિકેટ ચાહકોને અને અમારા ગ્રાહકોને આ લકી ડ્રો સ્પર્ધા મારફત સ્ટેડિયમમાં લાઈવ મેચ જોવાનો મોકો આપીને પ્રવાસની ઉજવણી કરવાનો પ્રયાસ છે. આગામી સપ્તાહમાં અમે ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલેન્ડમાં ઉડાણ ભરવાની તક પ્રાપ્ત કરનાર અન્ય પ્રદેશના અન્ય ભાગ્યશાળી વિજેતાઓનાં નામ જાહેર કરીશું.